અત્તબલીગ ૭૮૬

દરૂદ શરીફની ફઝીલત

અને

અલ્લાહના અર્શની છાયા

છપાવી પ્રસિદ્ધ કરનાર

મોલવી અહમદ બીન હાજી આરિફ અશરફ, રાંદેરી.
રાંદેર, (જી. સુરત.)

આવૃત્તિ બીજી
૧૩૪૮હિજરી

આ પત્રિકા મુસ્લિમ-ગુજરાત પ્રેસમાં અબદુલ્લાહ ફખરૂદ્દીન સૈયિદે છાપી.

પ્રત ૧૦૦૦
૧૯૨૯ ઈ.

શેઠ મી. અબદુરરેહમાન બીન સુલેમાન હાજી સાહેબના તરફથી ભેટ.

147

દરૂદ શરીફની ફઝીલત

"ઇન્નલ્લાહા વ મલાએકતહુ યુસલ્લુના અલન નબીય્યે યા અય્યોહલ લઝીના આમનુ સલ્લુ અલયહે વસલ્લેમુ તસ્લીમા"

"અલ્લા હુમ્મા સલ્લે અલા સૈયિદેના મુહમ્મદીંવ વઅલા આલે સૈયિદેના મુહમ્મદીંવ વબારિક વસલ્લિમ."

હઝરત રસુલુલ્લાહ (સલ.)ના ઉપર સલાત અને સલામ મોકલવું એક એવું મકબુલ અને પ્યારૂં કામ છે કે જેના અજર અને સવાબ સંબંધી હકીકત કેટલીક હદીસોમાં ઘણીજ વર્ણવવામાં આવી છે. આ રિસાલામાં દરૂદ શરીફની ફઝીલત અને તેના અજર ને પઢનાર વિષેને દર્શાવ્યાં છે, અને તે હદીસોને પ્રિય વાંચક સમક્ષ ક્રમવાર ગોઠવવામાં આવી છે. અને આ નાનકડા રિસાલાથી અમારો ફક્ત એજ હેતુ છે કે સરકારે દો આલમ (સલ.)ના ઉપર દરૂદ અને સલામ દરેક માણસ શોકથી મોકલતા રહે.

ખુદાપાક સર્વે મુસલમાનોને તેના પ્યારા હબીબ (સલ.) ના સદકામાં એ તૌફીક અતા ફરમાવે કે તેઓ હઝરત (સલ) ના ઉપર રાત દિવસ સલામ અને દરૂદ શરીફ પઢતા રહે અને જોઈએ તેટલો સવાબ લુટી સવાબે દારૈન હાસિલ કરે. આમીન.

ફઝીલત (૧) જે માણુસ દરૂદ શરીફ પઢે છે તે ખુદા તઆલાનો દોસ્ત છે કારણુ કે એ કૃત્ય તે છે કે જે માટે પોતે અલ્લાહ પાક ફરમાવે છેઃ—

"ઈન્નલ્લાહા વ મલાએકતહુ યુસલ્લુના અલન નબી."
(અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તાઓ હઝરત (સલ.)ના ઉપર દરૂદ શરીફ મોકલે છે.) જો કે અમારા દરૂદ શરીફ મોકલવામાં અને ખુદા પાકના દરૂદ મોકલવામાં ઘણો મોટો ફેર છે, એમાં શક નહિ; પરંતુ અલ્લાહનો તે દોસ્ત તો છેજ જે ખરા અંતઃકરણથી દરૂદ શરીફ પઢે છે.

(૨) જે માણુસ દરૂદ શરીફ પઢે છે તે ફરિશ્તાઓનો પણુ સાથી છે કારણુ કે જેવી રીતે અલ્લાહ તઆલા દરૂદ મોકલે છે તેવીજ રીતે તેના ફરિશ્તાઓ પણુ હઝરત (સલ.) ના ઉપર દરૂદ શરીફ મોકલે છે. જો કે ફરિશ્તાઓના અને અમારા દરૂદ મોકલવામાં ફેર છે તો પણુ તેઓના સાથી (દોસ્ત) સમાન છે.

(૩) જે મુસલમાન રસુલુલ્લાહ (સલ.)ના ઉપર દરૂદ શરીફ મોકલે છે તો અલ્લાહ પાક અને તેના ફરિશ્તાઓ તે દરૂદ શરીફ મોકલનાર પર દરૂદ મોકલે છે.

(૪) જે મુસલમાન એક વખત દરૂદ શરીફ પઢે છે તો અલ્લાહ તઆલા તે બંદા પર દસ વખત દરૂદ મોકલે છે.

(૫) જે માણુસ એક વાર દરૂદ શરીફ પઢે છે તેને દસ નેકીઓ મળે છે. અને તેના દસ દરજ્જા વધી જાય છે.

(૬) દરૂદ શરીફ પઢનારને દોઝખ અને કુસંપથી દુર કરી દેવામાં આવે છે; કારણુ કે (કુસંપ પણુ દોઝખી હોવાની નિશાની છે.)

૭ દરૂદ અને કલેમો પઢનાર જન્નતમાં શહીદોની નજીક આબાદ હશે; એટલે શહીદોના મકાન પાસેજ એ દરૂદ પઢનારનું મકાન બનાવી દેવામાં આવશે.

૮ જે દુઆની પહેલાં અને પછી દરૂદ શરીફ પઢવામાં આવે તે દુઆ બચિતજ કબુલ થશે.

૯ દરૂદ શરીફ પઢનાર કયામતમાં હઝરત [સલ.]ની શફાઅતનો હકદાર છે.

૧૦ દરૂદ શરીફ પઢનારને મરવા અગાઉ જન્નતની બશારત થઈ જાય છે.

૧૧ જે માણુસ એક સો વખત દરૂદ શરીફ પઢે છે તો અલ્લાહ તઆલા તેના ઉપર એક હજાર વાર દરૂદ મોકલે છે.

૧૨ દરૂદ શરીફ પઢનારથી ફરિશ્તાઓ દોસ્તી કરે છે અને તેને મદદ કરે છે.

૧૩ દરૂદ શરીફ પઢનાર હઝરત [સલ.]ની સાથે જન્નતમાં એવી રીતે દાખલ થશે કે હઝરતના ખભાથી તે દરૂદ શરીફના પઢનારનો ખભો લાગેલો હશે, મતલબ એ કે એટલી નજીકી તેને પ્રાપ્ત થશે.

૧૪ દરૂદ શરીફ પઢનાર જ્યારે મરી જાય તો તે દરૂદ મૈયતને વાસ્તે ઇસ્તિગફાર કરે છે.

૧૫ એક દરૂદ શરીફને કયામતના દિવશે કોહે ઓહુદના બરાબર વજનદાર કરવામાં આવશે જેથી તરાજુમાં વજન વધારી શકાય;

૧૬ દરૂદ શરીફ પઢનાર માટે એક ફરિશ્તો મુકરર કરવામાં આવે છે જે દરૂદને હઝરત રસુલે ખુદા (સલ.) ના મઝારે પાક ઉપર પેશ કરે છે.

૧૭ દરૂદ શરીફ પઢનારને ભરપુર સવાબ આપવામાં આવે છે.

૧૮ દરૂદ શરીફ પઢનારના ગુનાહ દિવસે દિવસે દૂર થતા જાય છે.

૧૯ દરૂદ શરીફનો સવાબ ગુલામ આઝાદ કરવાથી પણ વધારે છે.

૨૦ એક વાર દરૂદ શરીફ પઢવાથી તે વરસના સગીરા (નાના) ગુનાહ માફ થઈ જાય છે.

૨૧ દરૂદ શરીફ પઢનારના ગુનાહ "કિરામન" "કાતેબીન" ત્રણ દિવસ લગી લખતા નથી અને તેની તૌબાનો ઈંતેજાર કરે છે જો તે તવબા ન કરે તો ત્રણ દિવસ પછી ગુનાહ લખાય છે.

૨૨ દરૂદ શરીફ પઢનાર કયામતના ભયંકર દેખાવથી બચેલો રહેશે.

૨૩ દરૂદ શરીફ પઢનારને અલ્લાહની રહમત ચોતરફથી ઢાંકી લે છે.

૨૪ દરૂદ શરીફ પઢનાર અલ્લાહના ગુસ્સાથી મહફુઝ રહે છે.

૨૫ દરૂદ શરીફ પઢનારને કયામતમાં અલ્લાહનાં અર્શનો સાયો મયસ્સર થશે.

૨૬ દરૂદ શરીફ પઢનાર દોઝખથી મહફુઝ રહેશે અને તેની નેકીઓનો ત્રાજવો કયામતમાં ઘણો ભારી થશે.

૨૭ દરૂદ શરીફ પઢનારને મેહશરના મેદાનમાં પ્યાસ (તરસ) ની તકલીફ થશે નહિ.

૨૮ દરૂદ શરીફ પઢનાર દોઝખના પુલ ઉપર સાબિત કદમ રેહેશે અને "સિરાત" ઓળંગતાં તેઓના પગો ડગમગશે નહિ.

૨૯ એક હજાર વખત દરૂદ શરીફ પઢનાર મરવા અગાઉ પોતાની જગ્યા અને પોતાનો મુકામ જન્નતમાં જોઈ લે છે.

૩૦ દરૂદ શરીફ પઢનારને જન્નતમાં ઘણી બીબીઓ અતા કરવામાં આવશે.

૩૧ દરૂદ શરીફ પઢનારને એટલો સવાબ મળે છે જેટલો સવાબ ૨૦ વખત જિહાદ કરવાથી પ્રાપ્ત થાય છે.

૩૨ દરૂદ શરીફ પઢનારને સદકાનો અજર મળે છે.

૩૩ એક સો વાર દરૂદ શરીફ પઢનારને એક લાખ નેકીઓ આપવામાં આવે છે અને તેના એક લાખ ગુનાહ માફ કરી દેવામાં આવે છે.

૩૪ જે માણસ દરરોજ સો વખત દરૂદ શરીફ પઢે છે તેની સો હાજતો પુરી કરવામાં આવે છે. જેમાંથી ૩૦ દુન્યાની અને ૭૦ આખેરતની હોય છે.

૩૫ દરરોજ સો વાર દરૂદ પઢવી એ રાત દિવસ ઇબાદત કર્યા સમાન છે.

૩૬ દરૂદ શરીફનું પઢવું એ અલ્લાહ તઆલાની નજીક તમામ કૃત્યોથી બેહતર છે.

૩૭ જે મજલિસમાં દરૂદ શરીફ પઢાય છે તે તેની શોભા છે અને કયામતમાં ચળકનો નૂર છે.

૩૮ દરૂદ શરીફ પઢવાથી મોહતાજી અને તંગદસ્તી દૂર થઈ જાય છે.

૩૯ દરૂદ શરીફ પઢનાર સરકારે દો આલમ (સલ.)ની ઘણીજ નજીક થઇ જાય છે.

૪૦ દરૂદ શરીફ પઢવાની ફઝીલતનો અસર તે પઢનારની ઓલાદમાં થાય છે.

૪૧ કસરતથી (ઘણીવાર) દરૂદ શરીફ પઢનાર અલ્લાહ તઆલાની નજીક થઈ જાય છે એટલે ખુદાનો ખાસ દોસ્ત થઇ જાય છે.

૪૨ જે માણસ દરરોજ ૫૦ વખત દરૂદ શરીફ પઢે છે તેને કયામતમાં હઝરત રસૂલે ખુદા (સલ.)નો મેળાપ હાસિલ થશે

૪૩ જે માણુસ દરૂદ શરીફ કસરતથી (ઘણીવાર)પઢતો હોય તેનાથી કદાચ કોઈ ફર્ઝ અદા કરવામાં ચુંક થઈ જાય તેની પૂછપરછ થશે નહિ.

૪૪ દરૂદ શરીફ પઢનારના દિલમાંથી મેલ દૂર થઇ જાય છે.

૪૫ જે દુઆની સાથે દરૂદ શરીફ પણ શામેલ હોય તે ખુદા સુધી પહોંચી જાય છે અને તેને કોઇ રોકનાર નથી.

૪૬ જે માણુસ સવારે અને સાંજે દસ દસ વાર દરૂદ શરીફ પઢે છે. તે બંને જહાનના સરદાર (સલ.)ની શફાઅતનો હકદાર બની જાય છે.

૪૭ જે માણુસ મોહબ્બતથી અને ઉમંગથી દિવસે ૩૦ વખત દરૂદ શરીફ પઢે અને રાત્રે ૩૦ વાર પઢે, તો તેના તે દિવસનાં ગુનાહ માફ કરી દેવામાં આવે છે.

૪૮ જે માણુસ મકાનમાં દાખલ થઇને ઘરવાલાઓને સલામ કરે અને પછી દરૂદ શરીફ પઢે છે તે ઘરમાંથી રોજીની તંગી દૂર થઇ જાય છે.

૪૯ અગર કોઇ વાત ભુલી જાય તે દરૂદ શરીફ પઢવાથી યાદ આવી જાય છે.

૫૦ દરૂદ શરીફ પઢનારથી ભુલી જવાની બીમારી દૂર થઇ જાય છે.

૫૧ જેની પાસે ખરચ કરવાને ન હોય અને તે દરૂદ શરીફ પઢી લે તેને સદકાનો સવાબ મળે છે,

૫૨ દરૂદ શરીફ પઢનારને હઝુર (સલ.) પોતે જવાબ આપે છે. અને તે માણુસ નબી (સલ.)ના જવાબની શરાફતનો ફખર હાસિલ કરી લે છે.

૫૩ જે માણુસ દરૂદ શરીફ પઢે છે તેનું નામ એક ફરિશ્તો તેના બાપ દાદાના નામ સાથે હઝુર (સલ.)ની ખિદમત (હઝુર)માં હાજર (રજુ) કરે છે. એટલે તે ફરિશ્તો અરજ કરે છે કે યા રસુલલ્લાહ! (સલ) ફલાણા ફલાણાએ આપની હુઝુરમાં દરૂદ શરીફનો હદીયો રજુ કર્યો છે.

૫૪ દરૂદ શરીફ પઢનાર તે લા'નતથી મહફુલ રહે છે કે જે દુઆ જિબ્રીલ (અલ.) એ કરી છે અને હઝુરે તે દુઆ પર "આમીન" ફરમાવી છે.

એ એક હદીસનો ભાગ છે તે એવી રીતે છે કે હઝરત (સલ૦) એક વખત મિમ્બર પર તશરીફ લાવ્યા. તે વખતે પહેલી સીઢી પર કદમ રાખતાં ફરમાવ્યું, "આમીન" પછી બીજા પગથીઆ પર કદમ મુબારક મુકતાં "આમીન" ફરમાવ્યુ. અને એવીજ રીતે ત્રીજી સીઢી પર કદમ મુકતાં ફરમાવ્યું. કે "આમીન" જ્યારે સહાબા (રદી.) એ પૂછ્યું. તો હઝુર (સલ.) એ ફરમાવ્યું કે "મેં પહેલી સીઢીપર કદમ મુકયો તે વખતે હઝરત જિબ્રિલ (અલ.) તશરીફ લાવ્યા" અને ફરમાવ્યું "જેણે બંને બુઢ્ઢા માબાપોને જોયા અથવા એ બંનેમાંથી એકનીજ દોલત નસીબ થઈ અને પછી તેણે

જન્નત હાસિલ કીધી નહિ તે બદનસીબ ખુદાની રેહમતથી દૂર હોજો" મેં ફરમાવ્યું. "આમીન."

બીજી સીઢી પર કદમ મુકતી વેળા તેમણે ફરમાવ્યું "જેણે રમઝાનુલ મુબારક જેવો મહીનો દીઠો અને તે મહીનાની બરકતથી જન્નત નહિ હાસિલ કરી તે બદ કિસમત ખુદાની રેહમતથી દૂર હોજો" મેં ફરમાવ્યું "આમીન

અને ત્રીજા પગથીઆ પર તેમણે કહ્યું કે "આપ હઝરત (સલ.) નું મુબારક નામ સાંભળી દરૂદ શરીફ પઢે નહિ તે પણ ખુદાની રહેમતથી દૂર હોજો" મેં ફરમાવ્યું કે "આમીન."

૫૫ દરૂદ શરીફ પઢનારને કયામતમાં જંનતનો દરવાજો શોધવો પડતો નથી.

૫૬ દરૂદ પઢનાર હઝરત (સલ) ની ઉપર જફા કરવાના ગુનાહથી મહફુઝ રહે છે કારણ કે હઝરત (સલ) એ ફરમાવ્યું છે કે "જેણે મારૂં નામ સાંભળી દરૂદ શરીફ ન પઢી તેણે મારા ઉપર ઝુલ્મ કર્યો."

૫૭ દરૂદ શરીફ પઢનાર ખુદા અને તેના રસૂલ (સલ) ની લાનતથી મહફુઝ રહે છે.

૫૮ દરૂદ શરીફ પઢનાર કંજુસ કહેવાતો નથી એટલે કે રસુલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું છે કે "જે મારા પર દરૂદ શરીફ પઢતો નથી તે બખીલ (કંજુસ) છે."

૫૯ દરૂદ શરીફ પઢનારથી બંને જહાનના સરદાર (સલ) ની મોહબ્બત થઇ જાય છે.

૬૦ દરૂદ શરીફ પઢનારને ઈમાન ને હિદાયતની દોલત અર્પણ કરવામાં આવે છે. તેનું દિલ જીવતું કરી દેવામાં આવે છે અને તે ગુમરાહીથી મહફુઝ રહે છે.

૬૧ દરૂદ શરીફ પઢનારની મોહબ્બત આકાશ અને પૃથ્વીના રહેનારાઓના દિલમાં હોય છે.

૬૨ દરૂદ શરીફ પઢનારની ઉંમર, માલ અને ઈમાન તથા બાલ બચ્ચાંઓમાં બરકત હોય છે.

૬૩ દરૂદ શરીફ બહુ પઢવાથી નબી [સલ.] ની મોહબ્બત દિલમાં વધતી જાય છે.

૬૪ ઉમ્મત ઉપર સરકાર [સલ.]નો બહુ મોટો હક છે અને એ હક દરૂદ શરીફના પઢવાથીજ અદા થઇ શકે છે.

૬૫ દરૂદ શરીફ પઢનારને ખુદાના ઝિક્રનો સવાબ પણ મળી જાય છે.

૬૬ દરૂદ શરીફ પઢનારનો ઈલ્કાબ કસીરૂઝ ઝિક્ર [બહુજ ઝિકર કરનાર] રાખવામાં આવે છે.

૬૭ દરૂદ શરીફ બહુ પઢનારને સ્વપ્નામાં હઝરત [સલ] ની ઝિયારતનો શરફ પ્રાપ્ત થાય છે અને "આલમે બરઝખમાં" સરકાર [સલ.]ની સોબત અને નજીકી હાસિલ થાય છે.

૬૮ દરૂદ શરીફ પઢવી એ હઝરત [સલ.]ની મોહબ્બતની દલીલ છે.

અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયદના મુહંમદિંવ વ અલાં આલે સૈયદેના મુહંમદિંવ વ બારિક વસલ્લિમ.

કઈ કઈ જગોમાં દોરૂદ શરીફ પઢવું મુસ્તહબ છે?

૧ તશહહોદમાં અત્તહિય્યાત પઢવા પછી

૨ જનાઝાની નમાઝમાં બીજી તકબીર પછી

૩ જુમ્મા અને બંને ઇદોના ખુતબામાં

૪ અઝાન પછી

૫ તકબિર કહેતીવેળા (જ્યારે જમાઅત માટે તકબીર કહે)

૬ જ્યારે કોઈ દુવામાંગે તો આગળ તથા પાછળ દોરૂદ પઢવું જોઇએ.

૭ મસ્જીદમાં દાખિલ થતી વેળા

૮ મસ્જીદથી નીકળતી વખતે

૯ સફા અને મરવાપર (એ બે પહાડોના નામ છે જેના વચ્ચે હાજી લોકો સઈ કરે છે.)

૧૦ જ્યારે કોઈ મેહફિલમાં લોકો જમા થાય, જ્યારે કોઈ મજલીસમાં લોકો જમા થાય અને દોરૂદ શરીફ પઢવા વગર જલસો બરખાસ્ત કરે તો તેમાં બરકત થતી નથી.

૧૧ જ્યારે રસુલે ખુદા (સ.) નું નામ મુબારક લેવામાં આવે.

૧૨ તલબિયા પઢવા બાદ

૧૩ હજરે અસ્વદને ચુમતીવેળા

૧૪ બજાર જાતી વખતે

૧૫ ઝિયાફત (મેહમાની) વખતે

૧૬ જ્યારે રાતના સુઇને ઉઠે

૧૭ કુર્આન શરીફ તિલાવત કર્યા પછી

૧૮ જુમ્માના દીવસે. હદીસ શરીફમાં છે કે આપ (સ.) એ ફરમાવ્યું કે જુમ્માના દીવસે મારા ઉપર કસરતથી (ઘણું) દોરૂદ પઢો. જુમ્માનું દોરૂદ મારે સાંમે પેશ કરવામાં આવે છે

૧૯ મસ્જીદને જોઈને

૨૦ મસ્જીદમાંથી ગુજરતી વેળા અગર કોઈ જરૂરતના લીધે મસ્જીદમાંથી જવું પડે તો જતી વખતે દોરૂદ શરીફ પઢે.

૨૧ સખતિ અને પ્રેશાની (દુખ) ના વખતે

૨૨ ખુદાપાકથી બક્ષીશ ચાહતી વેળા

૨૩ રસુલેખુદા (સ.)નું નામ મુબારક કિતાબમાં લખતી વેળા

૨૪ સબક પઢવા અથવા પઢાવવાં પહેલાં

૨૫ વાયજ કરનાર વાયજ કહેવા પહેલાં દોરૂદ શરીફ પઢી લે.

૨૬ સવાર અને સાંજના.

૨૭ અગર કોઇ ગુનાહની વાત થઈ જાય તો તુરત દોરૂદ પઢી લે. દોરૂદ શરીફ પઢવાથી તે ગુનાહનો કફ્ફારો થઇ જાય છે.

૨૮ મોહુતાજી અને ભુખના વખતે.

૨૯ કોઈ હાજત ઉત્પન્ન થતી વખતે

૩૦ બીક (ડર)ના વખતે.

૩૧ મંગણી અને નિકાહના વખતે.

૩૨ છિંકતી વખતે.

૩૩ વોઝુ કર્યા પછી.

૩૪ ઘરમાં દાખલ થતી વખતે.

૩૫ જ્યાં ખુદાપાકનો ઝિકર થતો હોય.

૩૬ કોઈ ચીઝ ભુલી ગયો હોય અને યાદ કરવું હોય તો દોરૂદ શરીફ પઢે તે ચીઝ મળી જશે.

૩૭ કોઈ જરૂરી કામ અચાનક ઉતપન્ન થઈ આવે તે વખતે

૩૮ કાનમાંથી અવાઝ નિકળતી વખતે.

૩૯ દરેક નમાઝ પછી

૪૦ જાનવર ઝુબહ કરતી વેળા બિસ્મીલ્લાહે અલ્લાહો અકબર કહેવા પહેલાં.

૪૧ એવી કિતાબ પઢતી વેળા જેમાં રસુલે ખુદા સ. નું નામ મુબારક લખેલું હોય.

૪૨ ગરીબ માણુસ સદકો અને ખયરાતના બદલ દોરૂદ પઢે.

૪૩ સુતી વખતે એટલે જ્યારે સુવાનો ઇરાદો કરે તો દોરૂદ પઢે

૪૪ દરેક મુશકિલ અને અઘરા કામ વખતે

૪૫ અલ્લામાં ઇબને કય્યેમ ફરમાવે છે કે બને ઇદોની તકબિરોના વચ્ચે પણ દોરૂદ શરીફ પઢવું મુસ્તહબ છે.

મુસલમાનો દોરૂદ શરીફ પઢવાની આ ૪૫ જગ્યાઓ લખી છે પણ દોરૂદ શરીફ એક એવી ઉમદા ચીઝ છે કે ઈન્સાન દરેક વખતે પઢા કરે તો તેના હકમાં બેહતર છે.

(મસઅલો) દોરૂદ શરીફ પઢવા માટે વોઝુ કે ગુસલની સરત નથી વગર વોઝુ અને ગુસલથી પણ દોરૂદ શરીફ પઢી શકાય.

અલ્લાહુમ્મા સલ્લેઅલા સૈયેદેના મોહંમદીવ વઅલા આલે સૈયદેના મોહંમદીંવ વ બારિક વસલ્લીમ

અલ્લાહના અર્શની છાયા કોને નસીબ થશે ?

જ્યારે કયામતના દિવસે એક તરફ લોકો સેંકડો અડચણોમાં ફંસાએલા હશે ત્યારે અલ્લાહના ખાસ કેટલાક ફરમાંબરદાર બંદાઓ અલ્લાહના અર્શની છાયામાં આરામથી બેઠા હશે. જો એક તરફ ધૂપ (તડકાની) ગરમી અને અતિશય પરસેવો તથા હિસાબની ગભરાટ અને દોઝખના ભયથી લોકો નફસી નફસી પોકારતા હશે તો બીજી તરફ એક ટોળું હંમેશાની રાહત અને ખુદા તઆલાના તરફથી મળેલા ઇનામની ખુશીમાં તથા છાયાની ઠંડકમાં અને ઠંડા પાણીની નહેરોની નજીકમાં નિચંતે બેઠા હશે.

આ રિસાલામાં પ્રિય વાંચકને તે મુબારક અને ખુશનસીબ ટોળાની ઓળખાણ કરાવીએ છીએ જેઓને કયામતના દિવસે અલ્લાહના અર્શની છાયા અને રહમત નસીબ થશે.

જો કે સહીહ કિતાબોમાં એ સાહેબોની સાત જાતો બયાન કરેલી છે. ઇમામ બુખારી (રહ.) એ પણ પોતાની કિતાબ (સહીહ બુખારીમાં) એ હદીસનું બયાન કર્યું છે. જેમાં એ ભાગ્યશાળી ટોળીના સાત ભાગો પાડયા છે, પણ હદીસોની કિતાબમાં તપાસ કરતાં એ સાહેબોની સંખ્યા વધારે માલમ પડે છે. જો કે કેટલીક હદીસોની સનદો ઝઈફ છે, પરંતુ ફઝાએલમાં એવી કમજોર સનદથી કાંઇ નુકસાન નથી.

કેટલીક રિવાયતમાં અર્શને બદલે (ઠેકાણે) ફકત સાયા [છાયા] અને રાહતના શબ્દો વપરાયા છે, પરંતુ તે પણ હમે વહદતના નતીજાના ખયાલથી એમાં સાથે સાથે દાખલ કરી દીધા છે.

પ્રિય વાંચકને એ જોવાથી માલમ પડશે કે તે નસીબદાર ટોળાની સંખ્યા ૭૩ સુધી પહોંચી જાય છે. જો કે કેટલાક ઓલમાઓથી ૮૦ કે ૮૨ પણ મનકુલ છે, પરંતુ અમે ૭૩ની ગણતરીને બરાબર સમજી એ ઉપર સંતોષી છીએ. અલ્લાહ તઆલાથી દુઆ કરીએ છીએ કે તે અમને અને વાંચકોને એ કામો કરવાની સદબુધ્ધિ આપે, જેથી અર્શની છાયા અને અલ્લાહની રહમત નસીબ થાય. આમીન.

(જગતના પાલનહાર ખુદાથી હું ડરૂં છું) અલ્લાહનાં અર્શની છાયા કોને નસીબ થશે ?

૧ ઇમામ આદિલ.

૨ જવાનીમાં અલ્લાહની ઇબાદત કરવાવાળા.

૩ જે માણસના દિલમાં હમેશા મસીદનો ખયાલ રહેતો હોય.

૪ તે બે માણસ જે માત્ર ખુદા ખાતર પોત પોતામાં મહોબ્બત રાખતા હોય.

૫ તે માણસ કે જેને કોઈ ખુબસુરત સ્ત્રી પોતાનો નફસ સોંપી દીએ અને તે જિના કરવા કુદરત રાખતો હોય છતાં અલ્લાહના અઝાબથી ડરી જઇ કહે કે:—"ઇન્ની અખાફુલ્લાહો રબ્બલ આલમીન."

૬ તે માણસ કે જે સદકો છુપી રીતે આપે અને કોઇને ખબર થવા પામે નહિ (લોકોને દેખાડવા આપતો નથી.)

૭ કોઈ પણ શરીઅતનો હુકમ અદા નહિ થયો હોય તે માટે રડનાર (ખુદાના ગઝબથી.)

૮ જે માણસ તેના કરજદારને વાયદો પુરો થતાં પણ તેના ઉપર મેહરબાની કરે (વાયદા પછી થોડા દિવસે આપીશ એમ કહે તે ઉપર રાજી રહે)અથવા તે રકમ માફ કરી દીએ.

૯ જે માણસો અલ્લાહના ખાતર લડતા હોય તેમને મદદ કરનાર.

૧૦ જે માણસ ગુલામને આઝાદ કરવામાં તેની મરજી પ્રમાણે વર્તે (ગુલામ કહે કે હું નોકરી કરી તમારી કિંમત વસુલ કરીશ અને પછી આઝાદ કરી દેશો ત્યારે વસૂલ થવાથી છોડી દેનાર.)

૧૧ જે માણસ કોઈ નેક પુરૂષને માત્ર અલ્લાહ વાસ્તે દોસ્ત રાખતો હોય.

૧૨ મુજાહિદીન (અલ્લાહની રાહમાં લડનાર)ના લશ્કરને મદદ આપતાં જે માણસ પોતે પણ શહીદ થઇ જાય.

૧૩ વેપારમાં સાચું બોલનાર.

૧૪ તે માણસ કે જે સદગુણી હોય.

૧૫ જે માણસ મોસમ (ઋતુ)ની અડચણોના લીધે અને તકલીફ થાય છતાં વઝુની તકલીફ સહન કરનાર,

૧૬ રાત્રે અંધારામાં મસ્જીદ તરફ જનાર.

૧૭ જે માણુસે કોઈ ભૂખ્યાને ખાવાનું ખવાડયું

૧૮ તે માણુસ કે જે યતીમ (અનાથ)ની પરવરિશ (ગુજરાન કરતો હોય, સલુક કરતો હોય.

૧૯ બેવહ (જેનો ધણી ગુજરી ગયો હોય) ઓરતની ખિદમત કરનાર.

૨૦ તે માણુસ જે બીજાના હકો અદા કરતો હોય અને પોતાનો હક કબૂલ કરતો હોય.

૨૧ સુલતાન આદિલની નેક નિષ્ઠાથી ખિદમત, કરનાર.

૨૨ જે માણુસ પોતાને માટે પસંદ કરે તે બીજાઓના હકમાં ફેંસલો આપે અને તેવો હુકમ રાખે જેપર પોતે પણ અમલ કરતો હોય.

૨૩ જે માણુસ ખુદાના બંદાઓની ખેર ખ્વાહીમાં (ભલાઇ) રેહતો હોય અને અહોનિશ તેજ ખ્યાલમાં રેહતો હોય.

૨૪ જે માણુસ એહલે ઇમાનની સાથે મહેરબાનીનો સલુક રાખતો હોય અને નરમીથી પેશ આવતો હોય.

૨૫ જે સ્રીનું બચ્ચું મરી જાય તો જે માણુસ એવી ગમઝદા ઓરતનું માતમ કરશે તો તે પણ અલ્લાહના અર્શની છાયામાં કયામતના દિવસે આરામથી હશે.

૨૬ જે માણુસ દયાળુ હોય અને સગાંઓનો હક જાણતો હોય.

૨૭ તે ઓરત જેનો ધણી મરી ગયો હોય તે બચ્ચાંઓના ગુજરાનના ખયાલથી બીજો નિકાહ ન કરે.

૨૮ જે માણસ સારો ખોરાક રાંધે અને તે ખાવામાં કોઈ યતીમને પણ શામેલ કરી લે.

૨૯ તે માણસ જે હંમેશા અલ્લાહ તઆલા હાજર નાજર છે એમ સમજે અને યકીન રાખે.

૩૦ ગરીબોની એવી દશા જેની ગરીબાઈ અને ફકીરી લીધે કોઈ માણસ તે તરફ નજર નહિ કરે અને અગર તે કોઈ મજલિસમાં આવી જાય તો તેને કોઈ ઓળખે નહિ ખામોશ (ચુપ રેહવું તે) રહી તમામ જિંદગી પૂરી કરી દે ફાકા (ભુખ) ની મુસીબતમાં પ્રાણ ત્યાગ કરી દીધો પણ કોઇને ખબર થઈ નહિ એ દુન્યામાં તુચ્છ પણ આસમાન પર મશહુર છે એને લોકો બીમાર સમજે છે પણ તેઓના અલ્લાહના ડર સિવાય બીજો કોઈ રોગ નથી.

૩૧ કુરઆનની ખિદમત કરવા વાળા (હાફિઝ હોય કે નાઝિરહ) અને પોતે પણ કુરઆન મજીદના હુકમો પ્રમાણે વર્તે અને બીજાઓને પણ મતલબ સમજાવે.

૩૨ તે માણસ કે જેણે નાનપણમાં કુરઆન પઢતાં શીખ્યો અને જવાન થઈને પણ તે પઢતો રહયો.

૩૩ તે માણસ કે જેની આંખ બદ નજરથી બચી રહે.

૩૪ તે માણસ કે જેની આંખોએ ખુદાની રાહમાં જાગ્રત રહેતાં તેની તકલીફ સહન કરી.

૩૫ જે માણુસની આંખો ખુદાના ખૌફથી રડતી રહે.

૩૬ જે માણુસ અલ્લાહની રાહમાં કોઈ મલામત કરનારની મલામતથી બે પરવા રહે.

૩૭ જે માણુસે પોતાના હાથ કદી પણ પરાયા માલ તરફ લંબાવ્યા નથી.

૩૮ જે માણુસે હરામ તરફ નજર નહિ કરી હોય.

૩૯ જે લોકો વ્યાજ લેતા નથી અને પરહેઝ કરે છે.

૪૦ જે લોકો લાંચ (રૂશવત) લેતા નથી.

૪૧ જે માણુસ અલ્લાહના ઝિકરની ગરજથી વખતનો હિસાબ કરતો રહેતો હોય.

૪૨ જેણે કોઈ ગમગીનનું ગમ દુર કર્યું અને મુસીબતવાળાની મુસીબત દુર કરી.

૪૩ જેણે રસુલુલ્લાહ (સલ.)ની સુન્નતોને ઝિન્દા કરી (તેમના ફરમાન બજાવતો રહયો.)

૪૪ સરકારે દો આલમ (બંને જહાનના સરકાર)સલની ખિદમતમાં લાખો વાર દરૂદ મોકલનાર.

૪૫ મુસલમાનોના તે બચ્ચાંઓ જે બાલ્યાવસ્થામાં ગુજરી ગયા હોય.

૪૬ બીમારોની તબીયત પૂછનાર.

૪૭ જનાઝાની સાથે જનાર.

૪૮ ફરઝ અને નફિલ રોઝહ રાખનાર.

૪૯ હઝરત અલી (રદ્દી.)થી સાચી દોસ્તી કરનાર.

૫૦ જે માણુસ સવારની નમાઝ પછી સુરએ "અન આમ"ની પહેલી ત્રણ આયતો પઢતો રહે.

(સુરએ અન આમ સાતમા પારામાં છે તેની શરૂઆતથી ત્રણ આયતોનો શુમાર કરી લેવો.)

૫૧ દિલ અને જીભ એ બંનેથી ખુદાનું ઝિકર કરનાર.

૫૨ જે લોકોના દિલ પાક સાફ છે અને બદન પાક હોય. ખુદા ખાતર મોહબ્બત કરતા હોય અલ્લાહના ઝિકર સાથે તેમનું પણ ઝિકર કરવામાં આવે જ્યાં તેમનું ઝિકર થાય ત્યાં સાથે સાથે ખુદાનું પણ ઝિકર થાય. ઠંડીનાં દિવસોમાં વઝુની પાબંદી કરનાર, ખુદાના ઝિકર તરફ માઈલ થનાર, અલ્લાહના ફરમાંનની તોહીન થાય ત્યારે તેઓ ગુસ્સે થનાર, મસીદોને આબાદ કરનાર કે તે બનાવવામાં મદદ કરનાર, સવારની વખતે ઇસ્તિગફારમાં તલ્લીન થનાર.

૫૩ (લોકોને) નેક કામનો હુકમ કરનાર અને બુરાઈથી રોકનાર, ખુદા તઆલાની ઇતાઅત માટે તેના બંદાઓને બોલાવનાર.

૫૪ તે માણુસ જે ખુદા તઆલાની આપેલી નેઅમતો પર લોકોથી હુંપદ રાખતો નથી. મા બાપની સાથે નેકી કરનાર ચાડી ચુગલીથી પરહેજ કરતો હોય.

૫૫ જે માણુસે પોતાનો માલ અને પોતાની જાન અલ્લાહની રાહમાં લડતાં અર્પણ કરી દીધી હોય અને

સહાદતનો મરતબો મેળવ્યો હોય તેને માટે અલ્લાહના અર્શની નીચે એક તંબુ પણ નસીબ થશે.

૫૬ જે લોકો કુરઆન શીખવે છે.

૫૭ તે ઇમામ જેઓથી મુતકદી—પાછળ નમાઝ પઢનાર રાજી રહેતા હોય.

૫૮ બાંગી જે પાંચે વખત અઝાન આપતો હોય.

૫૯ તે માણસ કે જેણે દુન્યવી શેઠની ચાકરી પોતાના હકીકી માલિક (અલ્લાહ તઆલા) ની પણ ઇબાદત કરી.

૬૦ તે માણસ જે લોકોની હાજત પુરી કરતો હોય.

૬૧ અલ્લાહને માટે હિજરત કરનાર.

૬૨ જે માણસ લોકોને સુલેહ કરવાની ગરજથી મદદ કરે.

૬૩ જે માણસે કદીપણ ઝિના કરવા ઇચ્છયું નહિ.

૬૪ એહલે તકવા (એ લોકો સૌથી મોટા દરજ્જાના હશે.)

૬૫ જે માણસ વાત પણ કરે છે તો જ્ઞાની વાત કરે છે તે અને ચુપ રહે તો પણ ઇલમની વાત પર ચુપ રહેતો હોય.

૬૬ બેકાર, બે હુન્નર વાળાઓને મદદ કરનાર.

૬૭ જે માણસ અલ્લાહ તઆલા અને તેના પ્યારા મહબૂબ હઝરત રસૂલુલ્લાહ (સલ.) પર ઇમાન લાવ્યો અને અલ્લાહની રાહમાં લડનાર, સાચું બોલનાર, કોઇની આપેલી વસ્તુ તેના-માગવા પર તેટલીજ આપનાર. અનાજ મોંઘો થાય એમ નહિ ઇચ્છનાર.

૬૮ જે માણુસ મગરિબ પછી બે રકઅત પઢે છે અને હરેક રકઅતમાં સૂરએ ફાતેહાની સાથે અગિઆર અગિઆર વખતે કુલ હોવલ્લાહ પઢે.

૬૯ જે મા બાપની નાફરમાની કરતો નથી.

૭૦ લા એલાહ ઇલ લહ્લાહો મુહમ્મદુર રસુલુલ્લાહ લાખોવાર પઢનાર.

૭૧ શહીદોની અરવાહ (રૂહનું બહુવચન)સબ્ઝ પક્ષીઓમાં રહે છે અને એ પક્ષીઓ સાંજે અર્શે ઇલાહીની નીચે કંદીલમાં રહે છે.

૭૨ રસૂલે ખુદા (સલ.) કયામતના દિવસે સાયએ રહમાનમાં હશે.

૭૩ હઝરત અલી રદી. ઝુંડો લઈ ઇમામ હસન રદી. અને ઈમામ હુસેન રદી. ને સાથે લઇ અલ્લાહના અર્શની છાયામાં હશે તેમની જગ્યા હઝરત સૈયદના ઇબરાહીમ (અલ.) અને રસુલુસ સકલૈન (સલ.)ની બરોબરમાં હશે.

અલ્લા હુમ્મા સલ્લે અલા સૈયદેના મોહંમદિવ વ અલા આલે મોહંમદિંવ વબારિક વસલ્લિમ,

સમાપ્ત